# અરવલ્લીમાં મીની વાવાઝોડા સાથે મેઘરાજાનું મોંઘેરું આગમન

## ખેડૂતોએ લાપસીના આંધણ મૂક્યા, વીજળી ડૂલ થતા લોકો ત્રાહિમામ





મોડાસા, તા.૬

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં શુક્રવારની સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા ભારે પવન સાથે વીજળી અને કડાકા સાથે કેટલાંક વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટાં પડયાં હતા.મોડાસા શહેરમાં શુક્રવારે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી એક કલાકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો ભિલોડા, મેઘરજ પંથકમાં મીની વાવાઝોડા સાથે વરસાદી ઝાપટા પડતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો મોડાસા શહેરમાં વરસાદ શરુ થતાની સાથે રાબેતા મુજબ વીજળી ગુલ થઈ જતા પ્રથમ વરસાદમાં જ પ્રિમોન્સુન પ્લાનની પોલ ખુલી ગઈ હતી શહેરમાં વરસાદી માહોલના પગલે મોડાસાના શહેરીજનોએ આકરી ગરમીમાં રાહત મળી હતી. વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં શુક્રવારે આખો દિવસ ગરમી અને ઉકળાટભર્યા માહોલ સર્જાયા બાદ સાંજે કાળા વાદળો ઘેરાયા બાદ ૩૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું. જેથી ઠેરઠેર ધૂળની ડમરીઓ ઊડી હતી અને પછી વરસાદી ઝાપટું શહેરમાં વરસી ગયું હતું.મીની વાવાઝોડાના પગલે

વૃક્ષો ધરાશાયી થવાની સાથે ઘણા હૉર્ડિંગ્સ, બેનર્સ અને ફ્લેક્સ પણ પડી ગયા હતા.જીલ્લાના માર્કેટયાર્ડમાં રહેલો અનાજનો જથ્થો પલળતા બગાડવાની શક્યતા ઉભી થઈ હતી.

## અરવલ્લીમાં વધુ નવા ૨ કેસ પોઝીટીવ સાથે ૧૨૮ અને મોડાસા શહેરમાં કોરોના આંકડો ૪૩

મોડાસા, તા.૬

લોકડાઉન-૧ માં કોરોના સામે સંપૂર્ણ સલામત રહેલો અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ માં કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી લોકો પ્રવેશતા કોરાના વિસ્ફોટ થતા ૨૪ કલાકમાં ૨૫ લોકો કોરોનાનો શીકાર બન્યા હતા. દરમ્યાન લોકડાઉન-૩માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તથા ટેસ્ટીંગ વધારી દેવાના કારણે કોરોનાના સંક્રમણ ઉપર તંત્રને કાબુ મળ્યો હોય તેવી સ્થિતિ ઉભી થઈ હતી. પરંતુ છુટછાટવાળું લોકડાઉન-૪ અને ત્યાર બાદ કેટલાક દિવસથી અનલોક-૧ ચાલી રહયું છે. જેમાં મોડાસા શહેર અને જિલ્લામાં લોકો ભયમુક્ત થઈને બેફામ અવર જવર કરી રહયા છે. જેના પગલે મોડાસા શહેર અને જિલ્લામાં વધુ ૨ લોકો કોરોનાગ્રસ્ત બનતાં જિલ્લામાં કોરોનાનો આંક ૧૨૮ પર પહોંચ્યો છે.

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૧૦૯ લોકો કોરોના સામે જંગ જીત્યા છે ત્યારે ૭ લોકોને કોરોના ભરખી ગયો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો ખતરો હોવા છતાં લોકો કોરોના સામે સાવચેતી દાખવવાના બદલે બેદરકાર જણાઈ રહ્યા છે. ત્યારે શનિવારના રોજ અરવલ્લીમાં વધુ બે કેસ કોરોના પોઝીટીવ નોંધાયા હતા. જેમાં મેઘરજ તાલુકાના તરકવાળા ગામના ૭૦ વર્ષિય પુરુષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જ્યારે અમદાવાદના વ્રજ રેસીન્ડસીના રહેવાસી પરંતુ મોડાસાની આદર્શ સોસાયટી ખાતે આવેલા ૩૦ વર્ષિય યુવકને કોરોના પોઝીટીવ આવતાં મોડાસા શહેરનો આંકડો ૪૩ પર પહોંચ્યો છે. જ્યારે જિલ્લામાં આજ સુધી કુલ ૧૨૮ કેસ નોંધાયા છે. જો કે તંત્ર દ્વારા મોડાસાની આદર્શ સોસાયટી તેમજ મેઘરજના તરકવાડાને કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરવા માટે તજવીજ હાથ ધરી દીધી છે.

## અરવલ્લીમાં આરોગ્યની ૧૬૪ ટીમોનો મેગા સર્વેલન્સ

### ૯૬૨૯ ઘરોના ૨૫,૫૦૦ પુરૂષો અને ૨૨,૩૭૨ સ્ત્રીઓને ડોર ટુ ડોર સર્વેમાં આવરી લેવાયા

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટિવના અત્યાર સુધી ૧૨૫ થી વધુ કેસ નોંધાયા છે ત્યારે અરવલ્લી જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રતં દ્વારા આ વિસ્તારને કન્ટેન્ટમેનટ ઝોન જાહેર કરી, મેઘરજના ૮, મોડાસાના ૩૬ અને માલપુરના બે મળી કુલ ૮૦ કન્ટેન્ટમેન્ટ ઝોન નિયત કરાયા હતા. જેમાં ૩૩ એવા વિસ્તાર છે જયાં હાલ ચૌદ દિવસ સતત સર્વે ચાલુ છે જયારે ૧૮ નિયત્રિંત વિસ્તારોમાં સર્વે પૂર્ણ થયો છે. તો અને ફિમેલ હેલ્થ અને આશા વર્કર મળી આરોગ્યની કુલ- ૧૬૪ ટીમ બનાવવામાં આવી છે, જેમણે જિલ્લાના ગ્રામ્યના ૫૮, મોડાસા શહેરના ૨૦ તેમજ બાયડ શહેરના બે મળી કુલ ૮૦ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં મેગા



આસ-પાસના વિસ્તારમાં આવતા લોકો અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

અરવલ્લીમાં જિલ્લામાં નોંધાયેલા કેસ પૈકી બાયડમાં ૯, ભિલોડાના ૧૩,ધનસુરાના ૧૨, ૨૮ દિવસ પૂર્ણ કર્યા હોય તેવા ૨૯ કોરોનાગ્રસ્ત વિસ્તારનો સમાવિષ્ટ થાય છે.

જેમાં જિલ્લામાં જાહેર કરાયેલા કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર સર્વેલન્સની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં જિલ્લાના ૯૬૨૯ ઘરોના ૨૫,૫૫૦ પુરૂષ અને ૨૨૩૭૨ સ્ત્રીઓ મળી કુલ ૪૭૯૨૨ લોકોને હાઉસ ટુ હાઉસ સર્વેમાં આવરી લેવાયા.

## સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ પાંચ કેસ પોઝીટીવ

### હિંમતનગર શહેરમાં ૦૩ પોઝીટીવ કેસ આવતા તંત્ર હરકતમાં : પેઢમાલા અને ભોલેશ્વરમાં વધુ ૦૨ દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા : જિલ્લામાં ૧૧૬ પોઝીટીવ દર્દીઓને સારવાર અપાઇ

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૦૫ કેસ પોઝીટીવ આવતા તંત્ર હરકતમાં આવી ગયુ છે. હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલી પન્નાપાર્ક સોસાયટી, જીવનધારા સોસાયટી અને ભોલેશ્વર વિસ્તારની શિવમ સોસાયટી સહિત ગાયત્રી મંદિર વિસ્તારમાં વધુ ૦૧ મળી કુલ ૦૪ પોઝીટીવ કેસ આવતા તંત્ર હરકતમાં આવી ગયુ છે. આ ઉપરાંત હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામમાં ૮૦ વર્ષીય વૃધ્ધનો પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે ખસેડાયા હતા. જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન વધુ ૦૫ કેસ જોવા મળતા સોસાયટી વિસ્તારને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જયારે જિલ્લામાં કોરોના સામેની લડાઈ બાદ વધુ ૦૪ દર્દીઓ સાજા થતા સારવાર બાદ તેઓને રજા આપવામાં આવી હતી. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૬ દર્દીઓના કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યા હતા, જયારે ૦૩ દર્દીઓનું સારવાર દરમિયાન મોત નિપજયુ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર હિંમતનગર શહેરની પન્નાપાર્ક સોસાયટીમાં રહેતા પુરૂષ અને જીવનધારા સોસાયટીમાં રહેતા ૦૧ મહિલા દર્દી સહિત ગાયત્રી મંદિર નજીક આવેલી સોસાયટીમાં ૫૮ વર્ષીય વૃધ્ધનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ ઉપરાંત હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં આવેલી શિવમ સોસાયટીમાં રહેતા એક વધ્ધનો પણ રીપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. આ ઉપરાંત હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામમાં ૮૦ વર્ષીય વૃધ્ધનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. હિંમતનગર શહેરની જીવનધારા અને પન્નાપાર્ક સોસાયટીમાં કોરોના પોઝીટીવ કેસો આવતા આ વિસ્તારને કોરોન્ટાઈન કરીને સર્વે માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં લોકડાઉન બાદ લોકો જાહેરમાં ફરતા હોવાને કારણે કેસોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સોશિયલ ડીસ્ટન્સ તેમજ માસ્ક ન પહેરતા લોકો સરળતાથી કોરોનાની બિમારીનો ભોગ બને છે ત્યારે આગામી દિવસોમાં તંત્ર દ્વારા પણ કોઈ ખાસ કામગીરી કરવામાં ન આવતા કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થશે. હિંમતનગર સિવિલ હોસ્પિટલ સહિત મેડીસ્ટાર હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં થઈ રહેલો વધારો ચિંતાજનક થયો છે. ઓપીડી દરમિયાન સારવાર માટે આવતા દર્દીઓમાં શરદી, તાવ, ખાંસીના લક્ષણો જોવા મળે તો કોરોનાના ટેસ્ટ કરાય તો હજુ પણ વધુ કોરોના પોઝીટીવ દર્દીઓ જોવા મળે તો નવાઈ નહિ.

## ડીસામાં કોરોનાનો વધુ એક પોઝિટિવ સાથે કુલ ૨૮ કેસ

બનાસકાંઠાના ડીસામાં દિન પ્રતિદિન કોરોના પોઝીટિવ કેશોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેને લઈને આરોગ્ય વિભાગ પણ ચિંતિત બન્યો છે. ડીસામાં બહારથી આવેલા મોટાભાગના દર્દીઓ સારવાર દરમિયાન સાજા થઈ જતા સમગ્ર શહેરની જનતામાં ભય ઓછો થયો હતો પરંતુ અન લોક - ૧ બાદ સોમવાર અને ગુરુવારે પણ વિવિધ વિસ્તરોમાંથી ત્રણ - ત્રણ કોરોના પોઝીટિવ કેશ નોંધાયા હતા બાદ શુક્રવારે ડીસા ની લક્ષ્મીનારાયન સોસાયટી માં એક આધેડ નો રિપોર્ટ પોસેટિવ આવ્યો હતો ત્યારબાદ શનિવારે શહેરની મધ્યમાં આવેલી એન આર પાર્ક માં રહેતા કિશોરભાઈ મફતલાલ શાખલા નો રિપોર્ટ પોસેટિવ આવ્યો હતો જેને લઈ ડીસા માં કોરોના પોસેટિવ ની શખ્યાં ૨૮ સુધી પહોંચી જવા પામી છે સતત વધતા જતા કેસો ને લઈ ડીસા શહેર માં ભયનું વાતાવરણ સર્જાયું હતું જોકે શહેરમાં વધી રહેલા કેશોના પગલે શુક્રવારે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક એક બેઠક યોજવામાં આવી હતી જેમાં શહેરમાં સતત વધી રહેલા કેશ કઈ રીતે કન્ટ્રોલ માં આવે તે બાબતે પણ આગોતરું આયોજન હવે જરૂરી લાગી રહ્યું છે આજે એક વધુ કેશ ના પગલે જિલ્લામાં કોરોના પોઝીટિવનો આંકડો ૧૩૪ સુધી પહોંચી જવા પામ્યો છે.

## શીકા ગામના ખેડૂતોના બે યુવાનના પરિવારજનોને બે-બે લાખની સહાય

ગુજરાત સરકારની જોગવાઈ અનુસાર ખેડૂત આકસ્મિક મૃત્યુ અંતર્ગત બે લાખ રૂપિયાની સહાય મળવાપાત્ર છે તે અંતર્ગત શીકા ગામના બે યુવાનોના ગત વર્ષે આકસ્મિક મૃત્યુ થયેલ. જેની જાણ શીકા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ બિંકલબેન પટેલને થતાં જરૂરી કાર્યવાહી કરી હતી. જેથી બંને યુવાનોના પરિવારજનોને રાજ્ય સરકાર દ્વારા બે-બે લાખ રૂપિયાની સહાય મળતા પરિવારજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.



ગત વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન શીકા ગામના ધનજીભાઈ મોઘાભાઈ રાઠોડનું મોડાસા જતા રોડ અકસ્માતમાં મૃત્યુ થયું હતું તથા હિન્દુપુરા ગામના રઈજીભાઈ માધાભાઈ તરારનું વાવાઝોડા દરમિયાન ઝાડની ડાળી પડવાથી આકસ્મિક મૃત્યુ થયું હતું જે અંતર્ગત બંનેના પરિજનોને ખેડૂત આકસ્મિક મૃત્યુ સહાય યોજના અંતર્ગત સહાય મળેલ છે તે બદલ સાબરકાંઠા જિલ્લાના પૂર્વપ્રમુખ હેમલત્તાબેન પટેલ, મનહરભાઈ પટેલ (ધનસુરા) તથા વહીવટી તંત્રનો મૃતકના પરિજનો તારા બિનકલબેન પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.



## ડીસા સિવિલ સુપ્રીટેંડેન્ટ અને સ્ટાફનું સન્માન

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાડીસા દ્વારા ડીસા સિવિલ હોસ્પીટલ ખાતે કોરોના કોવીડ ૧૯ માં આરોગ્ય કર્મીઓએ ખુબજ સરાહનિય કાર્ય કરેલ તેને ધ્યાને લઈ સંસ્થા તરફથી સમગ્ર સિવિલ સ્ટાફને બીરદાવી સ્ટાફ વતી સુપ્રીટેન્ડેન્ટ ડો.રવીરાજ પુરોહિતને સન્માન પત્ર પાઠવવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગીતેશભાઈ જોષી, નમ્રતાબેન જોષી તથા પાલનપુરથી ભાવનાબેન ચૌધરી, રાજુભાઈ જોષી ( પુર્વ જીલ્લા પંચાયત પ્રમુખ ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજુભાઈ જોશીએ સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટની કામગીરીને બીરદાવી તથા મેડીકલ સ્ટાફ ને અભિનંદન શુભેચ્છા પાઠવી.

# તલોદ નગરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માંગ

તલોદ તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક નગર ને ચારે બાજુ થી સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરી દેવું જોઈએ તેવી ભદ્ર સમાજની માંગ બુલંદ બની છે. નગર ના તમામ ચાર રસ્તા, બજાર નો મુખ્ય માર્ગ અને સોસાયટી વિસ્તારના માર્ગો પણ "નાઈટ વિઝન એચ.ડી. સી.સી.ટી.વી. કેમેરા" થી સજ્જ કરી દેવાનો સમય હવે પાકી ગયો છે. તલોદ નગરપાલિકામાં સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે છે તેમ છતાં, તલોદ નગરપાલિકા દ્વારા નગરને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરીને સલામતી અને સુરક્ષા આજ દિન સુધી તો બક્ષવામાં આવી નથી..!!! અહીં સમયાંતરે શાસકો બદલાતા રહ્યા છે. પરંતુ ,કોઈ એ દીર્ઘદ્રષ્ટિ પૂર્વક તલોદ નગરને સી.સી.ટી.વી. કેમેરાની "તીસરી આંખ" થી સુરક્ષા પૂરી પાડવાની તસ્દી સુધ્ધા લીધી હોય તેમ લાગતું નથી... જે નોંધનીય અને દુ:ખદ બાબત છે.

સાબરકાંઠા જિલ્લા નુ તલોદ નુ બજાર તાલુકાના નાના -મોટા મળી સો જેટલા ગામ થી સંકળાયેલું છે. નગરમાં ભાવિક પ્રજાની આસ્થાના કેન્દ્ર સમા અનેક પ્રચલિત દેવ મંદિરો તથા જયુ. ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ કોર્ટ થી માંડીને શાળા-કોલેજો , ઉત્તર ગુજરાતના અગ્રિમ હરોળમાં સ્થાન પામેલું માર્કેટ યાર્ડ, સંખ્યાબંધ સરકારી અને રાષ્ટ્રીયકૃત બેંકો, મામલતદાર કચેરી,તાલુકા પંચાયત કચેરી તથા અન્ય નાની - મોટી કચેરીઓ અને સંસ્થાઓ આવેલી છે. દિવસભર અહીં બજારમાં હજારો વ્યક્તિઓ અને વાહનોની આવન- જાવન થતી રહે છે. દિનપ્રતિદિન સમય ગંભીર સ્થિતિમાં સરકી જઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. નાણાં કમાવવા માટે ઘરફોડીયા તસ્કરો, ચેઈન સ્નેચરો , ગઠીયાઓ, ચાલ- બાજો અને તેવા અનેક લુખ્ખા તત્વો "શૉર્ટ કટ" શોધી રહ્યા છે.!!



જે અન્વયે તલોદના બજારમાં રાહદારી મહિલાઓના ગળામાંથી સોનાના દોરા આંચકી તોડી લઈ જવાના, તેમજ બેંકના કાઉન્ટર ઉપરથી દિન દહાડે બેંક કર્મચારીઓ અને ગ્રાહકોની વિશાળ હાજરી માંજ ગઠિયાઓ લાખોની રોકડ રકમ ઉઠાવી લઈ ફરાર થઈ જવાના, બેંકમાંથી રૂપિયા લઈને નીકળતા ગ્રાહકોના રૂપિયા ભરેલા થેલા / પોકેટ આંચકી લઈ જવાના અને દુકાનોના શટર તોડી તથા રહેઠાણ ના મકાનોના તાળા- નકુચા અને દરવાજા તોડી ઘરફોડ ચોરીઓ કરી જવાના પણ અનેકાનેક બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. પોલીસ તપાસને અંતે મોટેભાગે તેનું કોઈ યોગ્ય પરિણામ આવ્યું હોવાનું જાણવા મળેલ નથી. આવા કિસ્સાઓમાં ક્યારેક પોલીસને આરોપીની કડી સુધ્ધા મળતી નહિ હોવાનું પણ બનવા પામેલ છે. જોકે તે વર્તમાન એડવાન્સ ટેકનોલોજી ના સમયગાળામાં તે દુ:ખદ ગણી શકાય તેવી બાબત છે.

ત્યારે નગરમાં ઠેરઠેર સી.સી.ટી.વી. કેમેરા લાગેલા હોય તો, પોલીસને પણ તે તપાસ માં અત્યંત મદદરૂપ થઈ શકે તેમ છે. કોરોના વાયરસની મહામારીને કારણે આર્થિક સંકળામણ મોટાભાગના લોકો અનુભવી રહ્યા છે. અસહ્ય નાણાભીડ તથા સંભવિત બેકારીને કારણે રોજી રોટીની સમસ્યા કેટલાક અંશે વધશે તેમ મનાય છે .જેથી કરીને' આગામી દિવસમાં ક્રાઈમ રેટ વધશે '...તેવી સંભાવનાઓ સેવાઈ રહી છે. ત્યારે આવા પ્રવાહી અને ગંભીર મનાતા સમયમાં સમગ્ર તલોદ નગર વિસ્તારને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરીને એક આગવી "તીસરી આંખ "થકી સલામતી બક્ષવા નો સમય હવે પાકી ગયો છે..

જે થકી ઘરફોડીયા તસ્કરો, ઉઠાવગીરો, ગઠિયાઓ અને તેવા બેફામ ફરતા અસામાજિક તત્વો ઉપર સી.સી.ટી.વી. કેમેરાની બાજનજર તેઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ને કંટ્રોલ કરવાનું કામ ચોક્કસ કરશે તેમ મનાઈ રહ્યું છે. તલોદ નગર વિસ્તાર અને તાલુકાના ડઝનબંધ ગામોની પ્રજાની લાગણી અને માગણી છે કે ,તલોદ બજારમાં અને સમગ્ર નગર વિસ્તારમાં સી. સી. ટી.વી .કેમેરા લગાવવાનું કામ નગરપાલિકા તાકીદે કરે . અને તે કેમેરા માત્ર શોભાના ગાંઠિયા રૂપે નહીં પરંતુ સતત કામ કરતા રહે તે પણ અત્યંત જરૂરી,આવશ્યક અને અનિવાર્ય છે.. જે વર્તમાન સમયની પ્રાથમિક માંગ છે.

નગર વિસ્તારમાં આવા કેમેરા લગાવવા થી કેમેરા ના વિડીયો ફૂટેજ થકી ટ્રાફિક નિયમન બાબતે પણ પોલીસ ને સરળતા રહેશે. અને કાયદાનું પાલન કરવાની લોકોને ટેવ પડશે. સરકારી ગ્રાન્ટમાંથી કે લોક ભાગીદારી થકી પણ તલોદ નગર વિસ્તારમાં સી.સી.ટી.વી .કેમેરા લગાવવા માટેની આમ પ્રજાની આ લાગણી અને માંગણી પ્રતિ સાબરકાંઠા જિલ્લા કલેકટર પણ યોગ્ય આદેશ કે સૂચન કરે તે સમયની માંગ છે.